વંચાણમાં ૧: સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં ઠરાવ ક્રમાંક:KHR/2014/188/LVD/10/2013/575849 /M(2) અનુસાર લઘુત્તમ વેતનનો તાઃ૨૬/૧૨/૨૦૧૪ થી અમલ માં આવેલ. (પરિશિષ્ટ''અ'') મુજબ.જેમા ઉલ્લેખ કરવામાં આવેલ મુજબ ૦૧ એપ્રિલ અને ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થુ મળવાપાત્ર થશે.

૨: નાયબ શ્રમ આયુકત અને લઘુતમ વેતન અધિનિયમ.૧૯૪૮ અન્વયે સક્ષમ અધિકારી.ગાંધીનગર ના તારીખઃ ૩૦/૦૯/૨૦૧૫ પત્ર ક્રમાંકઃશ્ર.આ.૬/લવધ/ખા.ભથ્થુ/૧૫૧૦ થી૧૬૨૦ અને૧૬૨૧થી ૧૭૩૦ મુજબ.

વિષય :– મુળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થાના દૈનિક દર અંગે...

# :: પરિપત્ર ::

ઉપરોકત વિષયના અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળના શ્રમયોગીઓના વંચાણે લીધેલ:૧થી લઘુત્તમ વેતન દરમાં વધારો થયેલ છે.અને વંચાણે લીધેલ:૨: લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ સરકારશ્રીએ જેતે વ્યવસાય માટે કરેલ મુળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થા દૈનિક દર નીચે દર્શાવેલ **એનેક્ષર** મુજબ ના વિવિધ જગ્યાઓ માટે રોકવામાં આવતા શ્રમયોગીઓને તફાવતની રકમ ચુકવવા જણાવવામાં આવે છે.

| ક્રમ | કામદારોના વર્ગો | દિવસ દીઠ આપવાના દરો (રૂા.) | |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | |
| | | ઝોન–૧ | ઝોન–૨ |
| ૧ | કુશળ | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | અર્ધકુશળ | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | બિન કુશળ | ૨૭૬ | ૨૬૮ |

<u>નોંધ</u> :ખાસ અનુસુચિત રોજગારના ખાસ વર્ગના(એટલે કે કુશળ,અર્ધ– કુશળ અને બિન–કુશળ)કામદારોની વિગતો માટે આ સાથે જોડેલા એનેક્ષરનો સંદર્ભ લેવા વિનંતી.

**વંચાણે લીધેલ :૨: મુજબ મુળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થા દૈનિક દર(નીચે મુજબ)**

| | | |
|---|---|---|
| ૧ | તા.૦૧.૧૦.૨૦૧૫ થી તા.૩૧.૦૩.૨૦૧૬ | રૂા.૧૦.૩૦પૈસા. |

| | |
|---|---|
| **ઝોનઃ–૧માં,** | ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ,૧૯૪૯હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૮૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકાની હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તામંડળની હકુમતની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે. |
| **ઝોનઃ–૨માં** | ઝોન–૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારોસિવાયના,ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે. |

| ક્રમ | વિગત | **એનેક્ષર(અનુસુચિત) ની યાદીમાં કુશળ,અર્ધકુશળ,અને બિન કુશળ કામદારનું વર્ગીકરણ કૃષિ યુનિવર્સિટી કેમ્પસકે અનુદાન સહાય મેળવતી સરકારી સંસ્થા માટે આપવામાં આવેલ ન હોવાથી ગેઝેટના પાનનં:૧૯ ઉપર અનુદાન સહાય ન મેળવતી ખાનગી શૈક્ષણિક સંસ્થાના બિન શૈક્ષણિક સ્ટાફ ના રોજગાર નીચે મુજબ છે.** |
|---|---|---|
| ૧. | ૨. | ૩ |
| ૧. | કુશળ | ગૃહપતિ,ગૃહમાતા,મેનેજર,સેક્રટરી,ઓફીસ સુપ્રીટેન્ડન્ટ,હેડ કર્લાક,સિનિયર કલાર્ક,હેડ એકાઉન્ટન્ટ, હેડ મુનીમ,હેડ કેશિયર, સ્ટેનોગ્રાફર,**પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ દ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો,** જુ.કલાર્ક, ટાઈપીસ્ટ, મુનીમ,કેશીયર,એકાઉન્ટેન્ટ,કમ્પાઉન્ડર,ઈલેકટ્રીશીયન, ટેલીફોન ઓપરેટર, ડ્રાઈવર, **પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ ધ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો,** |
| ૨. | અર્ધ–કુશળ | રસોઈયો (કુક),સુથાર,કડીયો,લુહાર,પ્લમ્બર,ફીટર,પંપમેન,વાયરમેન,કંડકટર. **પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ દ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો,** |
| ૩. | બિન–કુશળ | પટાવાળા,વોચમેન(ચોકીદાર),મઝદુર,સફાઈ કામદાર,ચોકીદાર–સહ–પટાવાળો, કલીનર, આયા,ગાર્ડનર(માલી),હમાલ, હેલ્પર, ગ્રાઉન્ડમેન, ઓફીસબોય,હોસ્ટેલ બોય,કુકીંગ આસિસ્ટન્ટ, **પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ દ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો.** |

ઉપરોકત વંચાણમાં લીધેલ ક્રમનં.૧ મુજબના ઠરાવનો અમલ કરવાનો રહેશે.

**પ્રસ્તુત પરિપત્ર મા.કુલપતિશ્રીની નોંધ ફાઈલ ઉપર મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નં:નકૃયુ/રજી/અ.૩.૧/૧૯૯૯૬–૨૦૦૪૫/૨૦૧૫.**

**નવસારી, તારીખઃ ૨૩–૧૦–૨૦૧૫.**

**ઇ.ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવીર્સટી**
**નવસારી.**

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.</u>

૧: નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્ર/ના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

*D:\J.L.AHIR\A.3.1\MANJURI-15.16\G.g.Radadia.15.16.doc*